પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૫૭ ૧૭ ઓગસ્ટ, ૨૦૨૨, બુધવાર; શ્રાવણ વદ - ૬ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦


# વડોદરા પાસેથી ૧૦૦૦ કરોડનું ડ્રગ્સ પકડાયું

**વડોદરા નજીકથી કેમિકલની ફેક્ટરીમાંથી ૧૦૦૦ કરોડનું એમડી ડ્રગ્સ પકડાયું : ગુજરાત એટીએસ અને વડોદરા એસઓજીનું મોટું ઓપરેશન : પોલીસ દ્વારા આ મામલામાં કયા મોટા માથા સંડોવાયેલા છે, કાચો માલ ક્યાંથી આવતો હતો, ક્યાં મોકલવામાં આવતો હતો, સહિતના મુદ્દે ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરાઈ**



અમદાવાદ , તા.૧૬

ગુજરાતમાં એક બાદ એક અલગ-અલગ સ્થળેથી મોટા પ્રમાણમાં ડ્રગ્સ પકડાવવાનો સિલસિલો યથાવત છે. ડ્રગ્સના દૂષણને ડામવા માટે ગુજરાત એટીએસ અને વડોદરા એસઓજીએ એક મોટું સંયુકત ઓપરેશન પાર પાડ્યું છે.

વડોદરા ગ્રામ્ય સાવલી તાલુકાના મોક્ષી ગામની સીમમાં આવેલી નેક્ટર કેમ નામની કેમિકલ ફેક્ટરીમાંથી મોટા પ્રમાણમાં એમડી ડ્રગ્સ ઝડપી પાડ્યું. આ ફેક્ટરીમાં કેમિકલ નહિ પરંતુ દેશની નસલને બરબાદ કરતા એમડી ડ્રગ્સની લેબોરેટરી ધમધમતી હતી.

ગઈકાલ રાતથી આ સર્ચ ઓપરેશન ચાલુ હતુ જેમાં સાવલી મોક્સી રોડ પર આવેલ જીકે માર્બલ કંપનીમાં દરોડા પાડતા જાણવા મળ્યુ કે, આ કંપનીમાં માર્બલના ભૂકાની આડમાં ડ્રગ્સનો કારોબાર થતો હતો. મેગા ઓપરેશનમાં એમડી ડ્રગ્સ સાથે કરોડો રુપિયાનું ડ્રગ્સ ઝડપી પાડવામાં આવ્યુ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ૨૦૦ કિલો ગ્રામ એમડી ડ્રગ્સ પકડી પાડવામાં સફળતા મળી હોવાનુ જાણવા મળી રહ્યું છે. વડોદરા પોલીસ દ્વારા આટલા મોટા પ્રમાણમાં પ્રથમ વખત ડ્રગ્સનો જથ્થો પકડવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# અમુલ દૂધમાં લિટરે બે રૂપિયાનો ભાવ વધારો

**દૂધના ઉત્પાદન ખર્ચમાં થયેલા વધારાથી પગલા લેવાયા : વધેલા ભાવનો અમલ આજથી લાગુ થશે, ગુજરાત સહિત તમામ જગ્યાએ દૂધના નવા ભાવ લાગુ થઈ જશે**

અમદાવાદ , તા.૧૬

ભાવ વધારાનો માર ફરી એકવાર સામાન્ય માણસે સહન કરવો પડશે. દૂધ અને દૂધની બનાવટ પર જીએસટી લાગુ થતા અમુલે દહીં, છાસ અને લસ્સી જેવી પ્રોડક્ટ્સ પર ભાવ વધારો કર્યો હતો. પરંતુ હવે દૂધના ભાવમાં વર્ષનો બીજો વધારો કરવામાં આવ્યો છે. દૂધના ભાવમાં એક લીટરે ૨ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આ ભાવ વધારો આવતીકાલથી લાગુ પડી જશે.

સમગ્ર ગુજરાત સહિત દિલ્હી એનસીઆર, મુંબઈ, પશ્ચિમ બંગાળ અને અન્ય તમામ બજારોમાં પેટ્રોલ, ડીઝલ અને ગેસ સહિતના ભાવમાં વધારો થઈ રહ્યો છે ત્યારે ફરી એકવાર દૂધના ભાવમાં કરાયેલો વધારો સામાન્ય માણસની કમર તોડી નાખનારો સાબિત થઈ રહ્યો છે.

ટૂંક જ સમયમાં ફરી એકવાર દૂધના ભાવમાં વધારો કરતા રસોડાનું બજેટ ખોરવાઈ શકે છે. અમૂલે દૂધના ભાવમાં પ્રતિ લીટર ૨ રૂપિયાનો વધારો કર્યો છે. ગુજરાત સહિત તમામ જગ્યાએ દૂધના નવા ભાવ લાગુ થઈ જશે. આ ભાવ વધારો કરવા પાછળનું અમૂલે કારણ પણ જણાવ્યું છે. આ ભાવ વધારા પાછળનું કારણ ઓપરેશન ખર્ચ અને દૂધના ઉત્પાદન ખર્ચમાં થયેલા વધારાના કારણે કરવામાં આવ્યો છે.

એટલે કે જે અમૂલ ગોલ્ડ દૂધનું પાઉચ ૩૦ રૂપિયા ૫૦૦એમએલ આવતું હતું તેના માટે હવે ૩૧ રૂપિયા ચૂકવવા પડશે. અમૂલ તાજાનો ભાવ ૨૫ રૂપિયા પ્રતિ ૫૦૦એમએલ કરી દેવામાં આવ્યો છે. આ સિવાય અમૂલ શક્તિના ૫૦૦એમએલ પાઉચ માટે ૨૮ રૂપિયા ચૂકવવા પડશે. આમ દૂધના ભાવમાં પ્રતિ લીટર બે રૂપિયાનો ભાવ વધારવામાં આવ્યો છે.

આ સાથે અમૂલે જણાવ્યું છે કે પાછળા વર્ષની સરખામણીમાં પશુઓનો ખોરાક અંદાજીત ૨૦% જેટલો વધારો થયો હોવાનું પણ કારણ ભાવ વધારા પાછળ રજૂ કર્યુ છે. અમૂલ ફેડરેશનના સંલગ્ન દૂધ સંઘો દ્વારા ખેડૂતોના દૂધ ઉત્પાદન ભાવમાં પાછલા વર્ષની સરખામણીમાં ૮થી ૯% જેટલો વધારો પણ કરવામાં આવ્યો છે.

# પહલગામમાં બસ ખીણમાં ખાબકતાં છ જવાનો શહીદ

**૩૯ આઈટીબીપીના જવાનોને લઈને બસ જઈ રહી હતી : આ બસ દુર્ઘટના જવાનો અમરનાથ યાત્રાની ડ્યૂટીમાંથી પરત ફરી રહ્યા હતા ત્યારે બની : ઈજાગ્રસ્તો હોસ્પિટલમાં**

શ્રીનગર, તા.૧૬

જમ્મુ-કાશ્મીરમાંથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. અહીં એકી મોટી બસ દુર્ઘટના સર્જાઈ છે. પહલગામમાં ૩૯ આઈટીબીપીજવાનોને લઈ જઈ રહેલી બસ ખીણમાં ખાબકી હતી. જવાનોને લઈને જઈ રહેલી આ બસ ચંદનવાડી વિસ્તારમાં આવેલી ખીણમાં ખાબકી હતી. જેમાં કેટલાંક જવાનો શહીદ થયા હોવાના સમાચાર સામે આવ્યા છે. ૩૯ જેટલાં આઈટીબીપીના જવાનો આ બસમાં સવાર હતા.

બનાવની જાણ થતા સ્થાનિકો સહિત તંત્ર દોડી આવ્યું હતું. બાદમાં જવાનોનું રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ બસ દુર્ઘટના ત્યારે બની કે જ્યારે જવાનો અમરનાથ યાત્રાની ડ્યૂટીમાંથી પરત ફરી રહ્યા હતા. ત્યારે હવે ઈજાગ્રસ્ત જવાનોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી રહ્યા છે.



# સ્ટેટ બેંકે લોનના વ્યાજદરમાં ૦.૫૦ ટકાનો વધારો કર્યો

નવી દિલ્હી, તા.૧૬

રિઝર્વ બેંકે રેપો રેટમાં વધારો કર્યા બાદ હવે દેશની સૌથી મોટી સરકારી બેંક એસબીઆઈએ પણ પોતાના ગ્રાહકો પર લોનનો બોજ વધારી દીધો છે. બેંકે બાહ્ય બેન્ચમાર્ક અને રેપો રેટ સાથે જોડાયેલી લોનના વ્યાજદરમાં ૦.૫૦ ટકાનો વધારો કરી દીધો છે.

હોમ અને ઓટો લોન સહિત બાહ્ય બેન્ચમાર્ક અને રેપો રેટ સાથે જોડાયેલી તમામ પ્રકારની લોનના વ્યાજદર ૧૫ ઓગસ્ટથી વધી ગયા છે. આની સીધી અસર ગ્રાહકોના ઈએમઆઈપર પડશે. આના પહેલા મહિનાની શરૂઆતમાં રિઝર્વ બેંકે પણ મોંઘવારી પર કાબૂ મેળવવા માટે રેપો રેટમાં ૦.૫૦ ટકાનો વધારો કર્યો હતો. એસબીઆઈએ ૧૫ ઓગસ્ટથી જ પોતાના એમસીએલઆરમાં પણ ૦.૨૦ ટકાની વૃદ્ધિ કરી છે.

એમસીએલઆરમાં વધારા બાદ એક વર્ષનો વ્યાજ દર ૭.૭૦ ટકા થઈ ગયો છે. જે પહેલા ૭.૫૦ ટકા હતો. આ રીતે બે વર્ષના એમસીએલઆર ૭.૯ ટકા અને ત્રણ વર્ષનો ૮ ટકા થઈ ગયો છે. હજુ બેંકની મોટાભાગની લોન એક વર્ષના એમસીએલઆર દર સાથે જોડાયેલા છે.

# નારીનું અપમાન સ્વીકાર્ય નથી : મોદી

**મોદીએ નવમી વખત લાલ કિલ્લાની પ્રાચીર પરથી દેશને સંબોધન કર્યું : પીએમ મોદીએ કહ્યું કે જે લોકો ગત સરકારોમાં બેંકોને લૂંટીને ભાગી ગયા તેમની સંપત્તિઓ જપ્ત કરીને તેમને પાછા લાવવાની કોશિશ ચાલુ છે**

નવી દિલ્હી,તા.૧૬

આઝાદીના ૭૫ વર્ષ પૂરા થયા અને ૭૬માં સ્વતંત્રતા દિવસના અવસરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સતત નવમી વખત લાલ કિલ્લાની પ્રાચીર પરથી દેશને સંબોધન કર્યું. પોતાના સંબોધનમાં પીએમ મોદી ભાવુક થઈ ગયેલા જોવા મળ્યા અને એક કડક સંદેશ આપ્યો. પીએમ મોદીએ કહ્યું કે આપણે લોકો પોતાની રોજબરોજની જિંદગીમાં મહિલાઓનું અપમાન કરીએ છીએ જે સ્વીકાર્ય નથી. પીએમ મોદીએ કહ્યું કે હું લાલ કિલ્લા પરથી મારી એક પીડા જણાવવા માંગુ છું. હું તેને કહ્યા વગર રહી શકતો નથી. કદાચ આ લાલ કિલ્લાનો વિષય ન હોઈ શકે. પરંતુ મારી અંદરનું દર્દ હું કોને કહું. દેશવાસીઓ સામે રજૂ નહીં કરું તો કોને કહીશ અને તે એ છે કે કોઈ ને કોઈ કારણસર આપણી અંદર એક વિકૃતિ આવી છે, આપણા બોલચાલમાં, આપણા વ્યવહારમાં, આપણા કેટલાક શબ્દોમાં, આપણે નારીનું અપમાન કરીએ છીએ. શું આપણે સ્વભાવથી, સંસ્કારથી, રોજબરોજની જિંદગીમાં નારીનું અપમાન કરનારી દરેક વાતથી મુક્તિ મેળવવાનો સંકલ્પ લઈ શકીએ. નારીનું ગૌરવ રાષ્ટ્રના સપના પૂરા કરવામાં ખુબ મોટી પૂંજી બનવાનું છે, આ સામર્થ્ય હું જોઈ રહ્યો છું. પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે "દેશ સામે બે પડકાર છે પહેલો ભ્રષ્ટાચાર અને બીજો પડકાર છે ભાઈ ભત્રીજાવાદ, પરિવારવાદ. આ બંને વિકૃતિઓને જો સમયસર સમાધાન ન કરાયું તો તે વિકરાળ સ્વરૂપ લઈ શકે છે." તેમણે કહ્યું કે "ભારત જેવા લોકતંત્રમાં જ્યાં લોકો ગરીબી સામે ઝઝૂમી રહ્યા છે ત્યારે એવા દ્રશ્યો જોવા મળે છે કે એક બાજુ એવા લોકો છે જેમની પાસે રહેવા માટે જગ્યા નથી તો બીજી બાજુ એવા લોકો છે જેમની પાસે પોતે ચોરી કરેલો માલ રાખવા માટે જગ્યા નથી. આ સ્થિતિ સારી નથી. આથી આપણે ભ્રષ્ટાચાર વિરુદ્ધ પૂરેપૂરી તાકાતથી લડવું પડશે."








# મુકેશ અંબાણી અને પરિવારને ફરી ધમકી

**પોલીસે એક શકમંદની કરી ધરપકડ : પોલીસે મુકેશ અંબાણીના ઘરની સિક્યુરિટી વધારી દીધી**

મુંબઈ,તા.૧૬

એન્ટિલિયા કાંડ બાદ હવે ફરીથી મુકેશ અંબાણીને ધમકી મળી છે. આ વખતે અંબાણી પરિવારની રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલના ડિસ્પ્લે નંબર પર આ ધમકીભર્યો ફોન કોલ આવ્યો હતો. ધમકી આપનારા શખસે મુકેશ અંબાણી અને તેમના પરિવારને મારી નાખવાની ધમકી આપી હતી. સૂત્રો મુજબ, ધમકીભર્યા કુલ ૮ ફોન આવ્યા હતા. જેથી હોસ્પિટલ ઓથોરિટીએ મુંબઈના ડીબી માર્ગ પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધાવી હતી. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે આ મામલે એક શખસની બોરીવલીમાંથી ધરપકડ કરી હોવાનું જાણવા મળી રહ્યું છે. દેશની સૌથી પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ અને તેમના પરિવારને ધમકી મળ્યા બાદ મુંબઈ પોલીસે તકેદારીના ભાગરૂપે અંબાણી પરિવારના નિવાસ સ્થાન એન્ટિલિયાની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત કરી દીધી છે. આ ઉપરાંત ખાનગી સુરક્ષા વ્યવસ્થા પણ વધુ ચુસ્ત કરી દેવાઈ છે. મામલાની ફરિયાદ મળતાં જ મુંબઈ પોલીસની એક ટીમે હોસ્પિટલે પહોંચીને તપાસ હાથ ધરી હતી.


